# Ashok H. Patel
Advocate

**Office :** Above Jay Ambey Medical Stores, Near Civil Hospital, Gandhinagar. **Mo. 9978911931**


## :: ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ ::

વિષય :- ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ગામ સરગાસણની સીમમાં આવેલ સર્વે નં. ૫૩,૫૪ અને ૫૫ ના એકત્રીત થયેલ સર્વે નં. ૫૩ ની કુલ ૪૬૬૧૫ ચો.મી. બીનાખેતીની મંજુરીવાળી ટી.પી. સ્કીમ નં. ૯ માં ફા. પ્લોટ નં. ૧૭ થી એલોટ થયેલ ૩૦૩૦૦ ચો.મી. ની જમીન સંબંધે ટાઈટલ સર્ટીફીકેટ.

Enrollment No:- G/308/1980

ઉપરોક્ત વિષયમાં જણાવેલ ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ગામ સરગાસણની સીમમાં આવેલ સર્વે નં. ૫૩,૫૪ અને ૫૫ ના એકત્રીત થયેલ સર્વે નં. ૫૩ ની કુલ ૪૬૬૧૫ ચો.મી. બીનાખેતીની મંજુરીવાળી ટી.પી. સ્કીમ નં. ૯ માં ફા. પ્લોટ નં. ૧૭ થી એલોટ થયેલ ૩૦૩૦૦ ચો.મી. ની જમીન આવેલ છે. સદરહું જમીનના રેવન્યુ રેકર્ડના માલીક કબજેદાર શ્રી અરવિંદભાઈ ત્રિભોવનદાસ પટેલ રહે. પ્લોટ નં. ૨૭૪, સેકટર-૧, ગાંધીનગર ના વિગેરે નાઓએ અમો પાસેથી ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટીફીકેટની માંગણી કરેલ છે. અને અમોને સદરહું જમીન સંબંધેના રેવન્યુ રેકોર્ડ ઉપરાંત મહેસુલ કાયદા અન્વયેના થયેલ પ્રોસીડીંગ્સના હુકમો તેમજ અન્ય જરૂરી દસ્તાવેજી પુરાવા પુરા પાડેલા તેથી

ત્યારબાદ અમોએ સદરહું જમીન સંબંધે કોઇના કોઇપણ જાતના કાયદેસરના હક્કદાવા હોય તો પુરાવા સહિત તે અંગે વાંધા રજુ કરવા સંબંધે તા.૨૯/૦૩/૧૯ ના રોજના સંદેશ દૈનિક સમાચાર પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ હતી. સદર જાહેર નોટીસ અનુસંધાને તા.૦૩/૦૪/૧૯ ના રોજ સાંકુબેન ખોડીદાસ નાયી રહે. અંબાપુર નાઓએ અમોને રૂબરૂમાં મળી તા.૦૩/૦૪/૧૯ ના રોજ રૂબરૂ વાંધા અરજી આપેલ અને સાથે ગણોતધારા નમુના નં. ૯ ના પ્રમાણપત્રની કોપી બીડેલ. તદઉપરાંત શ્રીમતી કોકીલાબેન ખોડીદાસ નાયી એ તા.૨૦/૦૪/૧૯ ના રોજ અમોને ટપાલથી વાંધા અરજી મોકલી આપેલ. બંનેની વાંધા અરજીઓ મુળ સર્વે નં. ૫૩,૫૪ સંબંધે છે અમોએ સદરહું જમીનનું તમામ રેવન્યુ રેકોર્ડ તેમજ મહેસુલ કાયદા અન્વયે થયેલા પ્રોસીડીંગ્સના ચુકાદાઓ તેમજ સદરહું જમીન સર્વે નં. ૫૩,૫૪ અને ૫૫ નો એકત્રીત સર્વે નં. ૫૩ કરવા અંગેનો હુકમ બીનખેતીની મંજુરીનો હુકમ વિગેરે ધ્યાને લીધેલ તેમજ ત્યારબાદ આપવામાં આવેલ વાંધા ધ્યાને લીધેલ. સાંકુબેન ખોડીદાસ નાયી દ્વારા આપવામાં આવેલ વાંધો અને તે સાથે રજુ કરેલ નમુના નં. ૯ નું પ્રમાણપત્ર ધ્યાને લીધેલ તેમજ કોકીલાબેન દ્વારા આપવામાં આવેલ વાંધા પણ ધ્યાને લીધેલ. તે બંને સગી બહેનો છે અને નાયી ખોડાભાઇ નથુભાઇની દિકરીઓ છે તેમ જણાવેલ છે અને સદરહું જમીન મુળ નાયી ખોડાભાઇ નથુભાઇની હતી તેમ જણાવી વારસાઇથી તેઓને પ્રાપ્ત થયેલાનો હક્ક દાવો કરે છે.

Enrollment No:- G/308/1980

પરંતુ તમામ રેકોર્ડ જોતા નાયી ખોડાભાઇ નથુભાઈની હાજરીમાં જ સદરહું જમીનના ગણોતીયા માસંગજી કાનાજી હોય અને માસંગજી કાનાજીને સદરહું જમીન ગણોત ખરીદ કિંમતથી આપવા અંગેના હુકમ આધીન મુળ સર્વે નં. ૫૩,૫૪ ના ગણોત ખરીદ કિંમતના નાણાં ભરપાઇ કરતા સદરહું જમીન માલીકી હક્કે ઠાકોર માસંગજી કાનાજીને તા.૦૨/૦૯/૬૬ ના રોજથી નમુના નં. ૯ ના પ્રમાણપત્ર આધીન આપવામાં આવેલ અને તેને આધીન ખરીદ કિંમત ભરપાઇ કરતા તેઓ મુળ સર્વે નં. ૫૩, ૫૪ ના ફેરફાર નોંધ નં. ૧૧૮૩ આધીન માલીક કબજેદાર થયેલ છે અને ત્યારથી સદરહું જમીન પરત્વે ખોડાભાઇ નથુભાઇ કે તેમના વારસોનો કોઇ હક્ક રહેલ ન હતો અને માત્ર માસંગજી કાનાજી મુળ સર્વે નં. ૫૩,૫૪ ના માલીક થયેલા તેમજ માસંગજી કાનાજીને આપવામાં આવેલ ખરીદીના નમુના - ૯ નું પ્રમાણપત્ર કે તેઓના સામાન્ય ગણોતીયા તરીકે ખરીદ કિંમત ભરપાઇ કરવા અંગેના ન્યાયાધીકરણના હુકમને કદાપી પડકારવામાં આવેલ નથી અને તે હુકમ કન્ફર્મ હુકમ છે તેવા સંજોગોમાં ત્યારબાદ નાયી ખોડાભાઇ નથુભાઇ ની વારસ દિકરી તરીકે હક્ક દાવો કરવા સાકુબેન કે તેમની બહેન કોકીલાબેનને કાયદેસર કોઇ હક્ક મુળ સર્વે નં. ૫૩,૫૪ સંબંધે પ્રાપ્ત થતો નથી તેવા સંજોગોમાં અમોએ તેમના વાંધા અનુસંધાને તે બંનેને તેમના વાંધા કાયદેસર રીતે ધ્યાને લઇ શકાય તેમ નથી તેવી સ્પષ્ટતા કરતા ખુલાસા તા.૨૬/૦૪/૧૯ ના રોજ રજી.પોસ્ટ એડી.થી

મોકલેલ છે. આમ, જાહેર નોટીસ અનુસંધાને આવેલ વાંધા ધ્યાને લઈ શકાય તેમ નથી. અમોએ ત્યારબાદ સદરહું જમીન સંબંધે સને ૧૯૮૯-૨૦૧૯ સુધી સબ રજીસ્ટ્રારશ્રી દસ્તાવેજ નોંધણી કચેરી ગાંધીનગરમાં સર્ચ અને ઈન્સ્પેક્શન કરેલ છે. એકત્રીત સર્વે નં. ૫૩ મુળ સર્વે નં. ૫૩, ૫૪ અને ૫૫ નો હુકમ આધારે એકત્રીત સર્વે નં. ૫૩ થયેલ છે. પરંતુ એકત્રીત સર્વે નં. ૫૩ થયો ત્યાર સુધી મુળ સર્વે નંબર પ્રમાણે આ ટાઈટલ રીપોર્ટમાં હિસ્ટ્રી જણાવવામાં આવેલ છે. રેવન્યુ રેકોર્ડ જોતા મુળ સર્વે નં. ૫૩,૫૪ ના માલીક હજામ નથુભાઈ શંકરભાઈ હતાં અને તેઓ મૈયત થતા તેમના વારસદાર ખોડાભાઈ નથુભાઈ હોય વારસાઈની રૂઈએ ફેરફાર નોંધ નં. ૫૭ થી રેવન્યુ રેકર્ડે તેમનું નામ દાખલ થયેલ હતું. સદરહું જમીનમાં ખોડાભાઈ નથુભાઈ ખેતી કરતા ન હતાં અને ગણોત હક્કે માસંગજી કાનાજી ખેતી કરતા હતાં તેથી સદરહું જમીનોના રેવન્યુ રેકોર્ડમાં સામાન્ય ગણોતીયા તરીકે માસંગજી કાનાજીનું નામ ફેરફાર નોંધ નં. ૫૧૬ થી દાખલ થયેલ હતું. ત્યારબાદ સદરહું જમીન સંબંધે ગણોતધારા અન્વયે કલોલ તાલુકાના વધારાના મામલતદાર સાહેબ સમક્ષ કેસ ઉપસ્થિત થતા તેઓના હુકમ નં. ૧૬ તા.૩૦/૧૧/૬૩ ના હુકમથી માસંગજી કાનાજી ને સામાન્ય ગણોતીયા તરીકે ખરીદ કિંમત ભરપાઈ કરવા આદેશ થયેલ તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૯૧૯ દાખલ થયેલ છે. સામાન્ય ગણોતીયા માસંગજી કાનાજી ને નમુના નં. ૯ નું ગણોત

Enrollment No. G/308/1980

ધારા કલમ : ૩૨ (મ) નું ખરીદીનું પ્રમાણપત્ર પ્રાપ્ત થાય તે અગાઉ સદરહું જમીનોના મુળ માલીક ખોડાભાઇ નથુભાઇ મૈયત થયેલ હોય તેમના વારસો તેવી ગણોત ખરીદ કિંમતની રકમ પ્રાપ્ત કરવા હક્કદાર હોય બીજા હક્કના કોલમમાં તેઓની વારસાઇની નોંધ તે સંબંધે દાખલ કરવા અંગે ફેરફાર નોંધ નં. ૯૯૦ દાખલ થયેલ. ત્યારબાદ માસંગજી કાનાજીએ હુકમ મુજબ ખરીદ કિંમતના નાણાં ભરપાઇ કરતા તેઓને ગ.ધા. કલમ : ૩૨ (મ) અન્વયેનું ખરીદીનું પ્રમાણપત્ર આપવામાં આવેલ અને તે આધારેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૧૧૮૩ દાખલ થયેલ અને તેવી નોંધ આધીન ત્યારબાદ સદરહું જમીનના માલીક કબજેદાર તરીકે રેવન્યુ રેકર્ડે માસંગજી કાનાજીનું નામ દાખલ થયેલ. માસંગજી કાનાજી મૈયત થતા તેમની વિધવા બાઇ પુંજી તે માસંગજી કાનાજીની વિધવાનું નામ રેવન્યુ રેકર્ડે વારસાઇથી ફેરફાર નોંધ નં. ૧૨૬૫ આધીન દાખલ થયેલ. મુળ સર્વે નં. ૫૫ ના માલીક કબજેદાર ગઢવી રત્નાભાઇ ડુંગરભાઇ હતાં અને તેઓ મૈયત થતા તેમના કાયદેસરના વારસદારો જીવાભાઇ રત્નાભાઇ વિગેરે ફેરફાર નોંધ નં. ૯૪૩ થી રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ. ત્યારબાદ જીવાભાઇ રત્નાભાઇ પણ તા.૦૯/૦૨/૮૦ ના રોજ મૈયત થતા તેમના વારસદારો શાંતાબેન તે જીવાભાઇ રત્નાભાઇની વિધવા વિગેરે ફેરફાર નોંધ નં. ૧૩૦૬ થી રેવન્યુ રેકર્ડે દાખલ થયેલા. સર્વે નં. ૫૫ ની જમીનના માલીકો શાંતાબેન જીવાભાઇ વિગેરેએ તે જમીન શ્રી અશોકભાઇ મધુભાઇ પટેલ તથા

મંજુલાબેન નરેન્દ્રભાઇ પટેલ ને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ તેથી વેચાણ દસ્તાવેજ આધારે ફેરફાર નોંધ નં. ૧૩૧૨ થી વેચાણ લેનારના નામ સર્વે નં. ૫૫ ની જમીનના રેવન્યુ રેકર્ડ દાખલ થયેલ. ત્યારબાદ સર્વે નં. ૫૩, ૫૪ માસંગજી કાનાજી ને ગણોત હક્કે પ્રાપ્ત થયેલ હોય અનેતેમના અવસાન બાદ તેમની વિધવા બાઇ પુંજી ને માલીકી હક્કે પ્રાપ્ત થયેલ પરંતુ સદરહું જમીનો પ્રતિબંધીત સત્તા પ્રકારની હોય પુંજીબેને સદરહું જમીનો વેચાણ આપવી હોય ખેતીના હેતુ માટે જુનીશરતની કરવા કાર્યવાહી કરતા પ્રાંત અધિકારીશ્રીના તા.૨૭/૦૮/૮૦ ના રોજના હુકમથી સદરહું જમીન ખેતી ખેતી હેતુ માટે જુની શરતનો અને વેચાણ મંજુરીનો હુકમ થયેલ તે આધારે સર્વે નં. ૫૩, ૫૪ પુંજીબેન તે માસંગજી કાનાજીની વિધવાએ વેચાણ દસ્તાવેજથી શ્રી અશોકભાઇ મધુભાઇ પટેલ અને મંજુલાબેન નરેન્દ્રભાઇ પટેલ ને વેચાણ આપેલી અને તેના અંગેની રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નં. ૧૩૧૩ દાખલ થયેલ. ત્યારબાદ ગણોતધારા કલમ : ૮૪ (સી) અન્વયે કાર્યવાહી શરૂ થયેલ પરંતુ ૮૪ (સી) ની નોટીસ પરત ખેંચતી કાર્યવાહી પુરી કરવામાં આવેલ તેની રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નં. ૧૭૮૩ દાખલ થયેલ છે. મુળ સર્વે નં. ૫૩, ૫૪ અને ૫૫ વેચાણ દસ્તાવેજથી અશોકભાઇ મધુભાઇ પટેલ અને મંજુલાબેન નરેન્દ્રભાઇ પટેલની માલીકી કબજા ભોગવટાની થયેલ અને તેઓએ સદરહું જમીન પોપટભાઇ વિઠ્ઠલભાઇ પટેલ વિગેરેને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ અને તે દસ્તાવેજ

Enrollment No:- G/308/1980

આધારે રેવન્યુ રેકર્ડે પોપટભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરેના નામ ફેરફાર નોંધ નં. ૧૯૬૧ થી રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ. ત્યારબાદ પોપટભાઈ વિઠ્ઠલભાઈ વિગેરેએ સર્વે નં. ૫૩,૫૪ અને ૫૫ ની કુલ જમીન પૈકીનો ૧/૪ ના ભાગની જમીન શ્રી સૃહદ ચીમનભાઈ પટેલને તા.૧૧/૦૬/૯૭ ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ તેથી તેવા વેચાણ દસ્તાવેજ આધારે શ્રી સૃહદભાઈનું નામ ફેરફાર નોંધ નં. ૨૧૪૯ થી તેટલા હિસ્સા પુરતુ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ. તેજ રીતે શ્રી પોપટલાલ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરેએ તા.૧૧/૦૬/૯૭ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી કુલ જમીનનો ૧/૪ હિસ્સો શ્રી સિધ્ધાર્થ ચિમનભાઈ પટેલ ને વેચાણ આપેલ તેથી તેટલા હિસ્સા પુરતુ વેચાણ દસ્તાવેજ આધારે ફેરફાર નોંધ નં. ૨૧૨૫ થી સિધ્ધાર્થભાઈનું નામ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ. ત્યારબાદ શ્રી સૃહદ ચિમનલાલ પટેલ એ તેઓએ વેચાણ રાખેલ જમીન તા.૧૬/૧૦/૯૮ ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી શ્રી અરવિંદભાઈ ટી. પટેલ અને હિતેન્દ્રભાઈ માધવલાલ પટેલ ને વેચાણ આપેલ અને તેવા વેચાણ દસ્તાવેજ આધારે સૃહદભાઈનું નામ કમી કરી વેચાણ લેનારા અરવિંદભાઈ ટી. પટેલ અને હિતેન્દ્રભાઈ માધવલાલનું નામ ફેરફાર નોંધ નં. ૨૧૭૬ થી રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ. શ્રી પોપટલાલ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરે તેઓના હિસ્સાની જમીન ઉપર રાંધેજા કો.ઓ.કોમર્શીયલ બેંકનું તારણ લઈ બોજો ઉત્પન્ન કરેલ તેની ફેરફાર નોંધ નં. ૨૧૯૪ દાખલ થયેલ છે પરંતુ તેવુ

તારણ ભરપાઈ કરતા બેંકના પ્રમાણપત્ર આધારે તારણ કમી અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૨૩૧૨ દાખલ થયેલ. ત્યારબાદ પોપટલાલ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરેએ સર્વે નં. ૫૩,૫૪ અને ૫૫ ની કુલ જમીન પૈકી તેમના હિસ્સાની ૧૮૬૪૬ ચો.મી. જમીન તા.૧૨/૦૯/૦૨ ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી શ્રી તપસ્વી અરવિંદભાઈ પટેલ ને વેચાણ આપેલી અને તેવા વેચાણ દસ્તાવેજ આધારે ફેરફાર નોંધ નં. ૨૩૮૨ થી શ્રી તપસ્વી અરવિંદભાઈ પટેલ નું નામ રેવન્યુ રેકર્ડે કબજેદાર કોલમમાં દાખલ થયેલ. ત્યારબાદ શ્રી સિધ્ધાર્થ ચિમનભાઈ પટેલ એ વેચાણ રાખેલ જમીન શ્રી અરવિંદભાઈ ટી. પટેલ ને તા.૧૯/૦૮/૦૩ ના રોજના વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ અને તેવા વેચાણ દસ્તાવેજ આધારે ફેરફાર નોંધ નં. ૨૫૧૨ થી તે હિસ્સામાં અરવિંદભાઈ ટી. પટેલ નું નામ દાખલ થયેલ. સર્વે નં. ૫૩,૫૪ અંગે નાયબ કલેકટર (જ.શુ.) ગણોત દ્વારા રીવીઝન નં. ૧૩૦/૦૩ ના કામે ગણોતધારા કલમ : ૪૩ ના નિયંત્રણો દુર કરવા હુકમ થયેલ તે હુકમની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૨૫૮૨ દાખલ થયેલ. ગુજરાત મહેસુલ પંચ દ્વારા કૃષીપંચનો હુકમ કાયમ રાખતો અને નાયબ કલેકટરનો રીમાન્ડનો હુકમ રદ્દ કરતો સર્વે નં. ૫૫ ની જમીન સંબંધેનો હુકમ થયેલ તેની ફેરફાર નોંધ નં. ૨૫૯૦ દાખલ થયેલ છે. સર્વે નં. ૫૩, ૫૪ અને ૫૫ ના કબજેદારોએ ત્રણેય સર્વે નંબરો એકત્રીત કરી આપવા સંબંધે પ્રાંત ઓફીસરશ્રી સમક્ષ મંજુરી માંગતી અરજી કરેલી અને પ્રાંત

Enrollment No. G/308/1980

ઓફીસરશ્રીએ ત્રણેય સર્વે નંબરો એકત્રીત કરવા મંજુરી આપતો હુકમ કરી ત્રણેય સર્વે નંબરોનો એકત્રીત સર્વે નં. ૫૩ આપવા હુકમ કરેલ તે હુકમની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૨૬૦૮ દાખલ થયેલ છે અને તેવા હુકમ આધારે દુરસ્તી પત્રાક નં. ૨૬ તૈયાર થયેલ અને તેવા દુરસ્તી પત્રાકમાં સર્વે નં. ૫૩ જે ૩૧૩૯૪ ચો.મી., સર્વે નં. ૫૪ જે ૧૦૯૪૦ ચો.મી. તેમજ સર્વે નં. ૫૫ જે ૪૨૮૧ ચો.મી. મળી કુલ ૪૬૬૧૫ ચો.મી. એકત્રીત સર્વે નં. ૫૩ દુરસ્તી પત્રાક નં. ૨૬ આધારે આપવામાં આવેલ અને તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૨૬૩૫ દાખલ થયેલ. મુળ સર્વે નં. ૫૩,૫૪ ઉપરનું ગુજરાત સ્ટેટ કો.ઓ.લેન્ડ ડેવલોપમેન્ટ બેંકનું તારણ હતું તે ભરપાઇ થઇ ગયેલ હોવાથી તે તારણ કમીની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૨૬૪૪ દાખલ થયેલ. સદરહુ સર્વે નંબરોમાં ૪૬૬૧.૫ ચો.મી. જમીનનો પોપટલાલ વિઠ્ઠલભાઇ પટેલનો હિસ્સો બાકી રહેલ હતો તે તેઓએ તા.૨૨/૦૯/૦૫ ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી તપસ્વી અરવિંદભાઇ પટેલ ને વેચાણ આપેલ અને તે વેચાણ દસ્તાવેજ આધારે રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૨૭૬૨ થી કબજેદાર કોલમમાં તપસ્વી અરવિંદભાઇ પટેલ દાખલ થયેલા. શ્રી માસંગજી કાનાજીના વારસદાર પ્રાંતઓફીસરશ્રી સમક્ષ આર.ટી.એસ. અપીલ નં. ૩૪૨/૦૭ દાખલ કરેલ હતી જે પ્રાંત ઓફીસરશ્રીએ તા.૧૫/૦૧/૧૦ ના રોજ નામંજુર કરેલ તે સામે તેઓએ કલેકટરશ્રી સમક્ષ આર.ટી.એસ. રીવીઝન નં. ૪૮/૧૦

દાખલ કરેલ જે કલેકટરશ્રીના તા.૧૨/૦૧/૧૨ ના રોજના હુકમથી નામંજુર થયેલ તે અંગેની ફેરફાર નોંધ નં. ૪૮૦૯ દાખલ થયેલ.ત્યારબાદ ફેરફાર નોંધ નં. ૧૨૬૫ સામેની પ્રાંત ઓફીસરશ્રીની સમક્ષની અપીલ નામજુર થયેલ તે સામેની કલેકટરશ્રી સમક્ષની રીવીઝન નામંજુર થયેલ તેથી માસંગજી કાનાજીના વારસોએ ગુજરાત રાજયના મહેસુલ વિભાગ (વિવાદ) સમક્ષ રીવીઝન અરજી દાખલ કરેલ પરંતુ તેઓએ તે રીવીઝન અરજી તા.૨૧/૦૯/૧૩ ના રોજ બીન શરતી માંડવાળ કરેલ તેથી તે અંગેનો રીવીઝન ફેસલનો હુકમ થયેલ તેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં. ૫૨૧૦ દાખલ થયેલ છે. ત્યારબાદ એકત્રીત સર્વે નં. ૫૩ ના સહકબજેદાર તપસ્વીભાઈ અરવિંદભાઈ પટેલ નું તા.૧૫/૧૧/૧૭ ના રોજ અવસાન થતા તેમના કાયદેસરના વારસદાર તેમની પત્ની પ્રિયંકાબેન અને પુત્ર સમર્થના નામ સહકબજેદારો તરીકે ફેરફાર નોંધનં. ૬૨૬૯ થી દાખલ થયેલ અને તેવીજ નોંધ પુનઃ ફેરફાર નોંધ નં. ૬૩૦૯ દાખલ થયેલ. આમ, રેવન્યુ રેકોર્ડ જોતા સદરહું જમીનો હાલ અરવિંદભાઇ ટી. પટેલ, હિતેન્દ્રભાઇ માધવલાલ પટેલ તેમજ પ્રિયંકા તપસ્વી પટેલ અને સમર્થ તપસ્વી ના નામે ચાલે છે. અમોએ રેવન્યુ રેકોર્ડનું સર્ચ કરાવતા ઉપરોક્ત રીપોર્ટમાં જણાવેલા દસ્તાવેજોની હકીકતો ઉપરાંત શ્રી પશાજી માસંગજી વિગેરેએ તા.૦૮/૦૭/૧૩ ના રોજ રજીસ્ટ્રેશન નં. ૯૮૫૪ થી શ્રી અરવિંદભાઇ ત્રિભોવનદાસ પટેલ વિગેરે તરફેના થયેલા વેચાણ દસ્તાવેજોની કબુલાતનો

રજીસ્ટર્ડ લેખ કરી આપેલ છે તે ધ્યાન ઉપર આવેલ છે. સદરહું એકત્રીત સર્વે નં. ૫૩ જેનો ટી.પી. સ્કીમ નં. ૯ માં સમાવેશ થાય છે અને જેનો ફા. પ્લોટ નં. ૧૭ આપવામાં આવેલ છે અને ફા. પ્લોટની ૩૦૩૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે જે એફ. ફોર્મ તેમજ પાર્ટ પ્લાન અને રહેણાંક ઝોન - ૪ હોવા અંગેના સર્ટીફીકેટ પરથી જણાઈ આવે છે. સદરહું જમીન ટી.પી.માં આવેલ હોય રેવન્યુ રેકર્ડના માલીક કબજેદારો શ્રી અરવિંદભાઈ ત્રિભોવનભાઈ પટેલ વિગેરેએ બીનખેતીની મંજુરીની માંગણી કરતા તા.૦૬/૦૩/૧૯ ના રોજ કલેકટરશ્રીના હુકમથી સદરહું જમીનની બીનખેતીની મંજુરી આપવામાં આવેલ છે.

ઉપકોકત તારણો આધિન અમો મુળ સર્વે નં.૫૩, ૫૪, અને ૫૫ જેનો એકત્રીત થયેલ સર્વે નં.૫૩ કે જે ટી.પી. સ્કીમ નં.૯ માં ફાઈનલ પ્લોટ નં.૧૭ થી ૩૦૩૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે તે સંબંધે મારુ ટાઈટલ સર્ટીફીકેટ આ રીપોર્ટ સાથે અલાયદુ આપવામાં આવે છે.

**અશોક એચ. પટેલ**

એડવોકેટ

Enrollment No. G/308/1980

# Ashok H. Patel
Advocate

**Office :** Above Jay Ambey Medical Stores, Near Civil Hospital, Gandhinagar. **Mo. 9978911931**


:: સર્ટીફીકેટ ::

ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ગામ સરગાસણની સીમમાં આવેલ સર્વે નં. ૫૩,૫૪ અને ૫૫ ના એકત્રીત થયેલ સર્વે નં. ૫૩ ની કુલ ૪૬૬૧૫ ચો.મી. બીનખેતીની મંજુરીવાળી ટી.પી. સ્કીમ નં. ૯ માં સમાવિષ્ટ થયેલ ફા. પ્લોટ નં. ૧૭ થી ફાળવેલ ૩૦૩૦૦ ચો.મી. ની બીનખેતી રહેણાંક ઝોન - આર-૪ ની જમીનના શ્રી અરવિંદભાઈ ટી. પટેલ વિગેરે રેવન્યુ રેકર્ડના કબજેદારો તેમના વેચાણ દસ્તાવેજના હિસ્સા પ્રમાણે ફાળવેલ ફાઇનલ પ્લોટમાં માલીક કબજેદાર છે અને સદરહું જમીન ઉપર કોઇપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન ઉત્પન્ન થયેલ હોય કે હાલમાં કોઇ પ્રોસીડીંગ્સ ચાલતા હોય તેવુ રેવન્યુ રેકોર્ડ તેમજ મારી સમક્ષના ઉપલબ્ધ પુરાવા આધારે જણાઈ આવતું નથી તેથી સદરહું જમીનના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ છે.

તા.૦૨/૦૫/૨૦૧૯
ગાંધીનગર

Enrollment No. G/368/1980

અશોક એચ. પટેલ
એડવોકેટ